# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

2(a)

"SUDA BHAVAN",
Near Collectorate,
Behind Govt. M/s. Building,
Nanpura, SURAT - 395 001.
Ph. : 2471473, 2472130, 2476822
Fax : (0261) 2470318
Email : sudaonline@yahoo.com
Web : http:\\www.sudaonline.com

"સુડાભવન",
કલેક્ટર કચેરીની નજીક,
બહુમાળી મકાનની પાછળ,
નાનપુરા, સુરત - ૩૯૫ ૦૦૧.
ફોન : ૨૪૭૧૪૭૩, ૨૪૭૨૧૩૦, ૨૪૭૬૮૨૨
ફેક્સ : (૦૨૬૧) ૨૪૭૦૩૧૮

વિકાસો નઃ પ્રતિઃ સદા

પત્રનં. સુડા/ચુ.૩/ટી.પી.એસ.-૨૭(ઉત્રાણ-કોસાડ)/ 35 તા. /૧૨/૨૦૦૫

4 JAN 2006 391

પ્રતિ,
મેનેજરશ્રી,
ગવર્મેન્ટ સેન્ટ્રલ પ્રેસ,
રાજકોટ (સૌરાષ્ટ્ર)

વિષય : નગર રચના યોજના અન્વયે સમય મર્યાદિત જાહેરાત બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષયાન્વયે જયભારતસહ જણાવવાનું કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ ની પેટા કલમ (૧) અન્વયે તેના ઠરાવ નં. ૨૪૨૯ તા. ૨૩/૧૨/૨૦૦૫ થી નગર રચના યોજના નં. ૨૭(ઉત્રાણ-કોસાડ) સુડા, સુરત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે.

સદરહું ઠરાવ તથા તે અંગેના અધિસુચનની બે નકલ ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરવા માટે આ સાથે પાઠવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ ની પેટા કલમ (૨) મુજબ આ ઠરાવ સાથેના અધિસૂચનની જાહેરાત સરકારશ્રીના રાજય પત્રમાં ઠરાવ થયાની તારીખથી મોડામાં મોડું એકવીસ (૨૧) દિવસમાં જાહેર કરી દેવી જોઈએ, અને તદ્દાનુસાર ઉપરોક્ત જાહેરાત સરકારશ્રીના અસાધારણ રાજય પત્રમાં તા. ૧૨/૦૧/૨૦૦૬ પહેલાના અંકમાં, જેમ બને તેમ જલ્દીથી પ્રસિધ્ધ કરવા આપશ્રીને વિનંતી કરું છું.

આ સાથે ઠરાવ તથા અધિસૂચન સામેલ કરેલ છે, જે જરૂરી અસાધારણ રાજયપત્રમાં સત્વરે છાપી અત્રે જાણ કરવા તેમજ રાજયપત્રની દસ (૧૦) નકલો બીલ સાથે અત્રે મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

30/12

બિડાણ : (૧) ઠરાવની નકલ.
(૨) અધિસુચનની બે નકલ.

નકલ જયભારતસહ રવાના :-

૧) સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર તરફે.

૨) મુખ્ય નગર નિયોજકશ્રી,